ભારતના બંધારણ ( અનુસૂચિત જાતિઓ) હુકમ ( બીજો સુધારો ) અધિનિયમ,૨૦૦૨ અન્વયે ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં કરવામાં આવેલ સુધારા વધારા અંગે.

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**( અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ)**
**ઠરાવ ક્રમાંક–સીએઆર–૧૦૯૦–સીઓ–૧૬–હ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ:૧૮ –૨–૨૦૦૩**

**વંચાણમાં લીધા:–**

(૧) કેન્દ્ર સરકારના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (સુધારા) અધિનિયમ, ૧૯૭૬ (તા. ૧૮/૯/૭૬)

(૨) તત્કાલીન મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૦/૫/૧૯૭૯ નો પરિપત્ર ક્રમાંક–એસટીડબલ્યુ/૧૦૭૯/૬૨૮૭/જ

(૩) ભારતના બંધારણ ( અનુસૂચિત જાતિઓ ) હુકમો (બીજો સુધારો) અધિનિયમ, ૨૦૦૨ ( તા. ૧૭/૧૨/૨૦૦૨)

(૪) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને અન્ય સક્ષમ અધિકારીશ્રીઓને સંબોધીને લખેલ આ વિભાગના સચિવશ્રીનો તા. ૨૭/૧/૨૦૦૩ નો પત્ર ક્રમાંક–સીએઆર/૧૦૯૦/સીઓ–૧૬/હ.

(૫) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના આ વિભાગના સચિવશ્રીને સંબોધીને લખેલા પત્ર ક્રમાંક–અજાક/મ/૨૦૦૩/૯૨૬/૨૭, તા. ૫/૨/૨૦૦૩ અને પત્ર ક્રમાંક–અજાક/મ/૩/૨૦૦૩/ ૯૨૮–૨૯, તા. ૫/૨/૨૦૦૩

**પ્રસ્તાવના**

સને ૧૯૭૬ પહેલાં " મોચી" જાતિ માત્ર ગુજરાતના ડાંગ જિલ્લામાં અને તત્કાલીન સુરત જિલ્લાના ઉમરગાંવ તાલુકામાં જ અનુસુચિત જાતિ તરીકે માન્યતા ધરાવતી હતી. આમ સને ૧૯૭૬ પહેલાં "મોચી જાતિ માટે વિસ્તાર મર્યાદા હતી. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક: ૧ આગળ દર્શાવેલ અધિનિયમથી કેન્દ્ર સરકારે મોચી જાતિ માટેની વિસ્તાર મર્યાદા દુર કરીને સમગ્ર ગુજરાત રાજયમાં મોચી જાતિને અનુસુચિત જાતિ તરીકે ગણવાની માન્યતા આપવામાં આવી હતી. તદઅનુસાર આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક: ૨ આગળ દર્શાવેલ પરિપત્રથી ગુજરાતમાં સમગ્ર

મોચી જાતિના લોકોને અનુસુચિત જાતિના પ્રમાણપત્ર કાઢી આપવાની સબંધીત સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવેલ.

૨. વંચાણે લીધેલ ક્રમાંકઃ૩ આગળ દર્શાવેલ અધિનિયમ એટલે કે The Constitution (Scheduled Castes) Orders (Second Amendment) Act, 2002, No.61 of 2002,(તા.૧૭/૧૨/૨૦૦૨) લોકસભાએ પસાર કરેલ છે અને તે અધિનિયમને ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલય, વૈધાનિક વિભાગ, નવી દિલ્હી દવારા ભારત સરકારના તારીખ ૧૮–૧૨–૨૦૦૨ ના અસાધારણ રાજયપત્ર ક્રમાંક: રજીસ્ટર નંબર ડીએલ–૩૩૦૦૪– ૨૦૦૨ થી પ્રસિધ્ધી આપવામાં આવેલ છે.

૩. આ સને ૨૦૦૨ ના અધિનિયમમાં શેડયુલ–૧ માં ગુજરાતને લગતા ક્રમાંક: ૩ સામેના ભાગ–૪ માં એન્ટ્રી નંબર ૪ અને એન્ટ્રી નંબર ૫ માં જાતિઓ અંગે જે સુધારા –વધારા કરેલ છે. તે નીચે પ્રમાણે છે.

એન્ટ્રી નંબર–૪ જે જાતિઓ/પેટા જાતિઓ દર્શાવેલ છે તેમાં "ચમાર–રવિદાસ" નો ઉમેરો કરેલ છે.

જે જાતિઓ/પેટા જાતિઓ દર્શાવેલ છે તેમાં "મોચી" જાતિ માટે નીચે મુજબ વિસ્તાર/ ક્ષેત્ર મર્યાદા લાગુ પાડી છે.
"મોચી " (માત્ર ડાંગ જિલ્લામાં અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકામાં જ)

એન્ટ્રી નંબર–૫ જે જાતિઓ/ પેટા જાતિઓ દર્શાવેલ છે તેમાં
બારવાશીઆ(Barwashia)
બારવાસીઆ(Barwasia)
જામફોડા (Jamphoda)
ઝામપાડા (Zampada)
ઝાંપડા (Zampda)
રુષિ (Rushi) અને
વાલ્મિકી (Valmiki) ઉમેરેલ છે.

૪. વંચાણમાં લીધેલ ક્રમાંક: ૪ આગળ દર્શાવેલ પત્રથી સર્વે કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ અને અન્ય સક્ષમ અધિકારીશ્રીઓને વંચાણમાં લીધેલ ક્રમાંકઃ૩ આગળ દર્શાવેલ અધિનિયમની સને ૨૦૦૨ ની નકલ મોકલીને જાતિ પ્રમાણપત્રો અંગે તેમજ અન્ય આનુસાંગિક સર્વે બાબતો અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ. તેના અનુસંધાને વંચાણમાં લીધેલ ક્રમાંક: ૫ આગળ દર્શાવેલ પત્રોથી નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણે આ

સુધારેલ અધિનિયમ સને ૨૦૦૨ની અમલવારી અંગે વધુ વિગતવાર સ્પષ્ટતાઓ કરતી સૂચનાઓ સરકાર કક્ષાએથી નકકી કરવા અને તે અંગે ઠરાવ રવાના કરવા વિનંતી કરેલ છે. તદઅનુસાર પ્રસ્તુત બાબતની કાળજી ભરી પુખ્ત વિચારણા કરીને વંચાણમાં લીધેલ ક્રમાંક–૩ માં દર્શાવેલ અધિનિયમ સને ૨૦૦૨ ની અમલવારી નીચે જણાવેલ વિગતે કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**–:ઠરાવ:–**

૧. વંચાણમાં લીધેલ ક્રમાંકઃ ૩ સામે દર્શાવેલ અધિનિયમ, સને ૨૦૦૨ ભારત સરકારના ગેઝેટમાં તારીખ ૧૮–૧૨–૨૦૦૨ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. તે તારીખથી આ ઠરાવનો અમલ કરવાનો રહેશે.

૨. આ અધિનિયમ, સને ૨૦૦૨ થી ઉમેરાયેલ નવી જાતિઓ/ પેટા જાતિઓ સદરહુ ઠરાવના પ્રસ્તાવનામાં ફકરા–૩ માં દર્શાવેલ છે. તે જાતિઓ/ પેટા જાતિઓના ઈસમો/લોકો તરફથી અનુસુચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે માંગણી આવે ત્યારે તેઓ આ જાતિના છે કે કેમ તે અંગેની પુરતી ચકાસણી કરીને પુરાવાના આધારે અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર આપવું અને અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવા.

૩. (૧) ગુજરાત રાજયમાં ડાંગ જીલ્લો અને વલસાડ જીલ્લાના ઉમરગાંવ તાલુકા સિવાયના વિસ્તારમાં વસતી સમગ્ર મોચી જાતિના લોકોને વંચાણમાં લીધેલ ક્રમાંકઃ ૩ સામે દર્શાવેલ અધિનિયમ,સને ૨૦૦૨ અન્વયે તા.૧૮–૧૨–૨૦૦૨ થી અનુસૂચિત જાતિ તરીકેના પ્રમાણપત્ર આપવાના રહેશે નહી. તેમજ અનુસૂચિત જાતિ તરીકેના મળવાપાત્ર તમામ લાભો પણ તા. ૧૮–૧૨–૨૦૦૨ થી આપવાના રહેશે નહિ.

(૨) માત્ર ગુજરાત રાજયના ડાંગ જીલ્લાના અને વલસાડ જીલ્લાના ઉમરગાંવ તાલુકાના મુળ વતની "મોચી" જાતિના લોકોને જ અનુસુચિત જાતિ તરીકેના પ્રમાણપત્ર પુરતી ચકાસણી કરીને આપવાના અને અનુસુચિત જાતિ તરીકેના મળવાપાત્ર લાભો આપવાના રહેશે.

(૩) ડાંગ જિલ્લા અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના "મોચી" જાતિના લોકો / ઈસમો પૈકી જો કોઈ ઈસમોએ તા. ૧૮–૧૨–૨૦૦૨ પછી અનુસુચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મેળવેલ હોય અગરતો અપાયેલ હોય તો તે રદ કરવા અને મળવાપાત્ર લાભો આપવા નહિ તેમજ તા. ૧૮–૧૨–૨૦૦૨ પહેલા અનુસુચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મેળવાઈ ચૂકેલ હોય પરંતુ તે પ્રમાણપત્રના આધારે જો કોઈ લાભ હજી સુધી મળેલ ન હોય/ મેળવાયેલ ન હોય તો તેવા ઈસમોના પ્રમાણપત્ર અન્વયે પણ કોઈ લાભ આપવાના રહેશે નહિ. અર્થાત તેવા પ્રમાણપત્રો આપોઆપ રદ થયેલ ગણાશે.

૪. ઉપર જણાવ્યા મુજબ સબંધિત ઈસમોને અનુસુચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મળી રહે તે અંગે સબંધિત સર્વે પ્રમાણપત્ર આપતા સક્ષમ અધિકારીશ્રીઓને સુચના પાઠવવા તેમજ તે સબંધી આનુસાંગિક ઘટતી કાર્યવાહી કરવા નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હૂકમથી અને તેમના નામે ,

(એન.કે.વર્સાત)
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
*માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. (તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ/ બોર્ડ/કોર્પોરેશન/ યુનિવર્સિટીઓ વગેરેને જરુરી કાર્યવાહી સારુ જાણ કરવાની વિનંતી સહ)
કાયદા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.સચિવાલય ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય ગાંધીનગર.
*રજિસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

-૫-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજય ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ના તમામ ખાતાની વડી કચેરીઓ / બોર્ડ/ નિગમ.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.( રાજકોટ/અમદાવાદ/વડોદરા )
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ની સર્વે શાખાઓ
<u>સિલેકટ ફાઈલ.(હ શાખા)</u>
* પત્ર દવારા

---x---

એચકેડ પેજ ૨૭૭/૨૮૧